## પ્રાકૃતિક ખેતીમાં અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનો ઉપયોગ

શ્રી બિપીન એમ. વહુનિયા, શ્રી હર્ષદ એ. પ્રજાપતિ,
ડૉ. પ્રતિક પી. જાવિયા, ડૉ.જે.બી.ડૉબરીયા,
ડૉ. સાગર એ.પટેલ,

માતા ભૂમિ પૂરતો અહમ પૃથ્વીઆ એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેના પુત્ર છીએ. વધારે ઉત્પાદની લાલચમાં માણસે કૃત્રિમ ખાતર તથા જંતુનાશક દવાઓનો આંખો બંધ કરીને ઉપયોગ કર્યો જેથી ઉત્પાદકતા ઉત્તરોત્તર ઘટતી ગઈ.

રાસાયણિક અને સજીવ ખેતી પછી હવે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળતાં થયા છે. પ્રાકૃતિક કૃષિ હમણાના સમયમાં જ્યારે કેન્સર જેવી જીવલેણ બીમારીઓ વધી ગઈ છે. તો આ ખેતી સારામાં સારો ઉપાય સાબિત થઈ શકે છે. આ પધ્ધતિ દ્વારા જંતુનાશકો પણ બનાવવામાં આવે છે. જેમાં છાણ અને ગૌમુત્ર ઉપરાંત વિવિધ પ્રકારનાં છોડ જેવા કે તમાકુ, લસણ, લાલ મરચું વગેરેના પાંદડા વપરાય છે. આ ઉત્પાદનોમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિ અસ્ત્ર અને દશપર્ણી અર્ક હોય છે. ખેડૂત આરામથી તેમણે ખેતરમાં છાંટી શકે છે. જે પાકને નુકશાન કરતાં દુશ્મન જીવોને આપ મેળે બંધ કરી શકે છે અને મિત્રપૂર્ણ કિટકોની સંખ્યામાં વધારો કરી શકેં.

### ૧. અગ્નિ અસ્ત્ર

વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, ફળીઓમાં રહેતી જીવાતો ફળોમાં રહેતી જીવાતો કપાસમાં કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઇંયળો માટે.



**સામગ્રી:-**

૧. ગૌ મૂત્ર ૨૦ લિટર
૨. લીમડાના પાન ૫ કિ.ગ્રા.
૩. લસણ ૫૦૦ ગ્રા.
૪. મરચાં ૫૦૦ ગ્રા.
૫. નફ્ફટિયાના પાન ૧ કિ.ગ્રા.

**રીત:-**

૨૦ લીટર ગૌમુત્ર લો. તેમાં અડધો કિ.ગ્રા લીલા મરચાં ખાડીને નાખો તેમજ અડધો કિ.ગ્રા. લસણ ખાંડીને નાખો. ૫ કિ.ગ્રો. લીમડાના પાન ખાંડીને ઉમેરવા અને મિશ્રણને લાકડીથી હલાવવું. આશરે ૪-૫ વખત ઉકાળ્યા પછી ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ પડવા દેવું. ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળીને એક વાસણમાં ભરીને રાખો. ૧૦૦ લીટર પાણીમાં ૨-૨.૫ લીટરના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

અગ્નિઅસ્ત્ર જ્યારે જીવાત પાક ઉપર પાડવાની શરૂઆત થાય ત્યારથીજ છાંટવાની શરૂઆત કરી દેવી. દર ૧૫ અને ૨૦ દિવસના અંતરે એક છંટકાવ કરવો જેથી જીવાતો પાકથી દૂર રહે.

### ૨. બ્રહ્માસ્ત્ર:-

કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે

**સામગ્રી:**

૧. ગૌ મૂત્ર ૧૦ લિટર
૨. લીમડાના પાન ૩ કિ.લો.
૩. કરંજના પાન ૨ કિ.ગ્રા.
૪. સીતાફળના પાન ૨ કિ.ગ્રા.
૫. સફેદ ધતુરાના પાન ૨ કિ.ગ્રા.

**રીત :-**

૧૦ લીટર ગૌમુત્ર લો. તેમાં ૩ કિ.ગ્રા. લીમડાંના પાન ખાંડીને નાખો એમાં ૨ કિ.ગ્રા. કરંજના પાન નાખો. જો કરંજના પાન ન મળે તો ૩ કિ.ગ્રા. લીમડાના પાનની જગ્યાએ ૫ કિ.ગ્રા. લીમડાના પાન નાંખો, તેમાં ૨ કિ.ગ્રા. સિતાફળના પાન ખાંડીને નાંખો. ત્યાર બાદ તેમાં ૨ કિ.ગ્રા. સફેદ ધતુરાના પાન ખાંડીને ઉમેરો. હવે આ મિશ્રણને ગૌમુત્રમાં ભેળવી અને ઢાંકીને ઉકાળવું, આશરે ૩-૪ વખક ઉભરા આવ્યા પછી તેને ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ થવા દેવુ. પછી કપડાથી ગાળીને કોઈ મોટા વાસણમાં ભરીને રાખો. આ થઈ ગયુ બ્રહ્માસ્ત્ર તૈયાર ૧૦૦ લીટર પાણીમાં ૨-૨.૫ લીટરના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

જીવાતની શરૂઆતથી જ દર ૧૫ દિવસના અંતરાળે છાંટવું.

અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર બંને જીવાતો માટે અને તેમાં પણ ખાસ કરીને ઈયળો, મોટો જીવાતો અને કિટકોને નિયંત્રણ લાવવામાં સારી એવી મદદ પુરવાર થાય છે. ૧૫ દિવસના અંતરાળે છંટકાવ કરવો જેથી સારી એવી અસર દેખાય છે.

**નોંધ :** "આ લેખ ફક્ત ખેડૂતોને વિવિધ પાકોની આધુનિક ટેકનોલોજી અંગે જાણકારી પુરી પાડવા માટે જ છે. જ્યુડીશીયલ મેટર માટે નથી"



NAVSARI AGRICULTURAL UNIVERSITY

भाकृ अनुप
ICAR

# પ્રાકૃતિક ખેતીમાં અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનો ઉપયોગ



**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**વઘઈ - ૩૯૪૭૩૦**

**પ્રકાશન નં. NAU/04/07/079/2023**

**વર્ષ : ૨૦૨૨-૨૦૨૩**